# કેપીટલ સ્ટેશન પર કાયદો અને વ્યવસ્થાના નામે મીંડું

## રીક્ષાચાલકોની પણ દાદાગીરી : મુસાફરો તોબા

ગાંધીનગર, તા. ૨૨

કેપીટલ સ્ટેશનમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગમે તે ઘડીએ કથળે તેવો ભય મંડરાયો છે. રાત્રિના અંધારપટમાં ભેંકાર ભાસતા સ્ટેશન વિસ્તારમાં અવર જવર કરતા મુસાફરોની સલામતી સામે પણ પ્રશ્ન ઉદભવ્યો છે. આ સઘળી સ્થિતિ વચ્ચે બેફામ ભાડુ વસુલતા રીક્ષાચાલકો પણ આંતરિક દાદાગીરી પર ઉતરી આવતા રેલયાત્રિકોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે.

ગાંધીનગર રેલવે સ્ટેશન પર ટ્રેઈનોનો ધમધમાટ વધતા રેલ યાત્રિકોની અવર જવર પણ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. હરિદ્વાર અને ગરીબ રથ જેવી ટ્રેઈન સ્ટેશન પર સ્ટોપ થતા સ્ટેશન વિસ્તારમાં રાજય બહારના મુસાફરોની અવર જવર વધી જાય છે. આવા સંજોગોમાં લાંબા સમયના અંતે પણ આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના નામે મીંડુ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. રેલવે વિસ્તારમાં આર.પી.એફ. જવાનો ફરજ બજાવે છે. પરંતુ મોડી રાત દરમિયાન મુસાફરોની અવર જવર સામે સ્ટેશનના અંધારિયા વિસ્તારમાં પણ સ્થાનિક પોલીસ પેટ્રોલીંગના અભાવે ભયનો માહોલ સર્જાય છે. બહારના રાજયોની ટ્રેઈનોનો ધમધમાટ હોવા છતાં સલામતીના નામે છીંડા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. બીજી તરફ રીક્ષાચાલકોની દાદાગીરી અને બેફામ ભાડા વસૂલી પણ મુસાફરો માટે મુંઝવણનું કારણ બની છે.

# સ્ટેટ બેંકના ગ્રાહકોને હોમ બ્રાન્ચ નોન હોમ બ્રાન્ચમાં વધુ છૂટછાટ

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય સ્ટેસ બેંક તથા રીઝવ બેંક ભારત સરકાર સાથે પરામર્શમાં રહેતું ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ગ્રાહકલક્ષી અને ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને ઓછામાં ઓછી તકલીફ થાય અને વધુમાં વધુ ગ્રાહકલક્ષી સેવા ઉપલબ્ધ થાય તેવા પ્રયાસો ચર્ચા કરે છે. જેમાં તા. ૨જી ઓગસ્ટના પત્રથી મહામંડળને ગ્રાહકલક્ષી સુચનોના અનુસંધાને નીચેની માહિતી આપેલ છે.

૧) પાસબુકમાં નોન હોમ બ્રાન્ચમાં એન્ટ્રી નિઃશુલ્ક થશે. (૨) એક શાખામાંથી સ્ટેટ બેંકની બીજા શાખામાં નાણાં ટ્રાન્સફર ચાર્જ વિના થશે (૩) એક બેંકમાંથી બીજી બેંકમાં ચેક દ્વારા ફેરવાતી રકમ પર રીઝર્વ બેંક દ્વારા નક્કી થયેલ ચાર્જ વસુલાશે.

આ ઉપરાંત તા. ૧૯મી ઓગસ્ટે પેન્શનર્સની મીટીંગ સ્ટેટ બેંકની મુખ્ય શાખામાં યોજાઈ હતી. જેમાં અગાઉથી લેખિત સુચનો કરલે હતા. જે અંગે જરૂરી કાર્યવાહી કરવાની જાણ કરેલ છે. (૧) પરચુરણની વ્યવસ્થા મળે તેવી મશીન દ્વારા ગ્રાહકો મળે તે અંગે ગંભીરતા લેશે. (૨) નાની નોટો માસની શરૂઆતમાં મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવશે. (૩) મોબાઈલ એ.ટી.એમ. તથા વરિષ્ઠ નાગરિકોને ઘરે બેઠાં બેકીંગ વ્યવસ્થા (૪) ભોયતળિયે પાસબુકની એન્ટ્રીની વ્યવસ્થા ગોઠવાશે.

આ મિટીંગમાં અરૂણ બુચ, મલિક, જે.જી. ભટ્ટસ વાડીયા એ અનેક સુચનો, મંતવ્યો આપ્યા હતા. અરૂણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, સુધીરભાઈ દેસાઈ, કિશોર જીકાદરા, કશ્યપ મહેતા, કે.પી. પરમાર, હસમુખ ઠાકર, વગેરેએ લિખિત સુચનો મીટીંગ અગાઉ કરેલ હતા.

ગાંધીનગર શહેરવાસહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવેલ છે.

# સાંઈધામ સેકટર-૩, જયાં શ્રધ્ધા અને ભક્તિનું ઘોડાપૂર ઉમટે છે...

**હો જહાં શિવકી અજાનેં ઔર ખુદા કી આરતી વો ઈબાદતગાહ હિન્દુસ્તાન હોના ચાહિયે**
**એક તરફ મુસ્લિમ પઢે ગીતા ઔર રામાયણ હિન્દુઓકા રાહબર કુરાન હોના ચાહિયે...**

સર્વ ધર્મ સમભાવનો સંદેશ ફેલાવતું અને એક ઈશ્વરને નાદ ગજવતું સાંઈબાબાનું ચમત્કારિક સાંઈધામ ગાંધીનગર ખાતે સેકટર-૩ડી માં આવેલું છે. બાબાને હિન્દુઓ પોતાના સંત માને છે તો મુસ્લિમો પોતાના ફકીર. બાબાનો એક મંત્ર હતો. ''સબકા માલિક એક હૈ'' માટે જ સર્વ ધર્મના લોકોને તેમનામાં અપાર શ્રધ્ધા ભક્તો બાબાની સાયં આરતીમાં એકઠા થવા લાગ્યા. સૌને કોઈ બાબાની ખિચડીમાં રસ જાગ્યો અને આ દિવસે અબાલ વૃધ્ધ સૌને બાબાની ખિચડી માટે કતાર લગાવા માંડ્યા... પછી તો શ્રધ્ધાનો વંટોળ ફુંકાવા લાગ્યો, સૌની માનતા ફળતી ગઈ અને પ્રસાદમાં કોઈ વાર સુખડી, કોઈ વાર મોહનથાળ, તો કોઈ વાર લાડુ આવવા લાગ્યા.

શ્રાવણ મહિનામાં ભક્તોએ ફરાળી ચેવડાની વ્યવસ્થા કરી દરરોજ બુંદીનો પ્રસાદ તો ખરો જ. બાબાની અમીકૃપા વરસતી ગઈ અને ભક્તોના હાથ



છે. ગાંધીનગરના સાંઈધામમાં બાબાની મૂર્તિ ૫' - ૩'' ઉંચી અને પ્રતિભાશાળી આકર્ષક મુદ્રાવાળી છે. જેના દર્શન કરવા માત્રથી ભાવિકોમાં શ્રધ્ધા અને સબુરી જાગૃત થાય છે. આમ તો તા. ૧૦-૫-૨૦૦૭ ને ગુરુવારે કણજીના ઝાડ નીચે ઈંટોના નાના ઓટલા પર બાબાનો ફોટો મુકી દ્વારકામાઈની સ્થાપના કરવામાં આવેલી. ઉદાર બનતા ગયા. બાબાને સુંદર કલાત્મક અને જરી ભરેલી ચાદરો ચઢવા લાગી. ધુપ દીવા અને અગરબત્તી થવા લાગી, ચારે બાજુ બાબાનો જય જય કાર થવા લાગ્યો. શ્રધ્ધાળુઓની શ્રધ્ધા વધી તેમ ટ્રસ્ટી મંડળની જવાબદારી પણ વધી. સાંઈ સેવા ટ્રસ્ટમાં શ્રધ્ધાળુ ટકી રહે અને સાંઈ ધામના વહીવટને દાગ ન લાગે તે માટે ટ્રસ્ટી મંડળ સાવધ બન્યું. તેના હિસાબો નિયમિત ઓડિટ કરાવી સરકારમાં નિયમિત ટેક્સ ભરાવા લાગ્યો. હિસાબો પણ સમયાંતરે પ્રસિધ્ધ થવા લાગ્યા.

તેના એક જ અઠવાડિયા બાદ વાજતે ગાજતે લાવી નાનું મંદિર બનાવી પધરામણી કરવામાં આવેલ.

પછી તો જાણે બાબાનો આશીર્વાદ ઉતર્યો હોય તેમ એક ભાઈએ પોતાના ઘરે નિયમિત પૂજાતાં સાંઈ બાબાની ૩૨'' આરસની મૂર્તિ લોક દર્શનાર્થે સાંઈકૃપા સેવા ટ્રસ્ટને સમર્પિત કરી, જેની સ્થાપના કરવામાં આવી.

> **સાંઈબાબા અને દ્વારકા માઈ બંને મંદિરો માટે સેવા ટ્રસ્ટે ૨૦૦ મીટર જમીનની માગણી કરી છે, લોકોની આ સ્થાન પ્રત્યેની શ્રધ્ધા અને વિશ્વાસ જોતાં સરકારે આ માગ સ્વીકારવી જોઈએ એવી લોક લાગણી છે**

ટ્રસ્ટી મંડળના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ શાહ (જાણીતા સાહકારીક્ષેત્રના આગેવાન) સેકટર-૩૦ માં રહેતાં હતા પણ ભક્તોના આગ્રહ અને બાબાના આદેશે તેમને સેકટર-૩માં વસવાટ કરવા મજબૂર કર્યા. આ ટ્રસ્ટના ચેરમેન તરીકે શ્રી અશોકભાઈ પટેલ (વકીલ) સેવાઓ આપે છે. ઉપરાંત શ્રી પી.એસ. પટેલ (પૂર્વ ટ્રેઝરી ઓફિસર) વિક્રમભાઈ પટેલ, નરસિંહભાઈ પરમાર, ગુણવંતભાઈ સોની તથા અન્ય શ્રધ્ધાળુ ભક્તો નિયમિત બાબાની સેવા અર્ચનામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સાંઈબાબા અને દ્વારકામાઈ બંને મંદિરો માટે સેવા ટ્રસ્ટે ૨૦૦ મીટર જમીનની માંગણી કરી છે. લોકોની આ સ્થાન પ્રત્યેની શ્રધ્ધા અને વિશ્વાસ જોતાં સરકારે આ માંગ સ્વીકારવી જોઈએ એવી લોક લાગણી છે. બદલાતાં જતા વાતાવરણમાં માનવીય મુલ્યોના જતન માટે અને સંસ્કૃતિના રક્ષણ માટે રાષ્ટ્રીય એકતાનો સંદેશ ફેલાવવા ધર્મ સ્થાનોની આવશ્યકતા છે... બાબા સૌનું કલ્યાણ કરે...

ટ્રસ્ટી મંડળે સંકલ્પ કર્યો કે હવે આ જગ્યાએ બાબાની મોટી મૂર્તિ લાવી તેની સ્થાપના કરીએ. અને મળ્યા એક દાતા મહેન્દ્રસિંહ ચૌહાણ. જેમણે આશરે ૩॥ (સાડા ત્રણ લાખ)ની મોટી મૂર્તિ જયપુર ખાતે બનાવડાવી અને આ ટ્રસ્ટને સમર્પિત કરી. આ મૂર્તિની તા. ૨૩ ઑકટોબર થી ૨૫ ઑકટોબર ૨૦૦૭માં ભવ્ય કાર્યક્રમ દ્વારા અને વિશાળ ભક્તોના જય જય કાર સાથે તા. ૨૫-૧૦-૦૭ ના રોજ વિધિવત્ સ્થાપના કરવામાં આવી. આ મૂર્તિની સ્થાપના થતાં જ જાણે ચમત્કાર થયો હોય તેમ શ્રધ્ધા અને ભક્તિનું ઘોડાપુર ઉમટ્યું અને ભાવિક ભક્તોની શ્રધ્ધાનું આ કેન્દ્ર ચમત્કારનું કેન્દ્ર બન્યું. સાંઈ ધામમાં આવતા ભક્તો તેમને થયેલા ચમત્કારની વાતો કરતા ગદગદિત થવા લાગ્યા. વા વાયુ ને નળિયું ખસ્યુ... ની જેમ નહિ, સૌને થયેલા અનુભવને લીધે દર ગુરૂવારે પાંચથી છ હજાર

-પોપટલાલ પ્રજાપતિ

# પુન્દ્રાસણ-વાવોલ માર્ગ પર ચિલોડાનો યુવાન લૂંટાયો

## અજાણ્યા શખ્સે બાઈક રોકાવી રોકડ પડાવી બાઈકની ચાવી પણ લઈ લીધી

ગાંધીનગર, તા. ૨૨

પુન્દ્રાસણ-વાવોલ માર્ગ પર ગતરાત્રિના બાઈક પર જતા યુવાનને રોકી અજાણ્યા શખ્સે રૂ. ૭૦૦ની લૂંટ કરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

જિલ્લામાં વાહન અને ઘરફોડ ચોરીના બનાવોનું પ્રમાણ વધ્યું છે ત્યારે રાત્રિના સમયે એકલ-દોકલ જતા નાગરિકોની પણ સલામતી જોખમાઈ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. રાત્રિના સૂમસામ બનતા માર્ગો પર અજાણ્યા ઈસમો ગમે ત્યારે પોતાનો મલિન ઈરાદો સંતોષવા ગમે તે હદે જઈ શકે છે. શહેર નજીક સ્થિત પુન્દ્રાસણ-વાવોલ માર્ગ પર આ સ્થિતિને તાદ્રશ્ય કરતો એક કિસ્સો ગઈકાલે રાત્રિના બનવા પામ્યો હતો. રાત્રિના ૧૧ વાગ્યાના અરસામાં માર્ગ પર જતા બાઈક ચાલકને લીલા રંગનો શર્ટ પહેરેલા અજાણ્યા યુવાને હાથ કરીને રોક્યો હતો. યુવાને બાઈક ઉભુ રાખતા અજાણ્યા શખસે તેની પાસેથી રોકડા રૂપિયા ૭૦૦ પડાવી લીધા હતા ત્યારબાદ આ શખ્સ યુવાનના બાઈકની ચાવી લઈ સ્થળ પરથી પલાયન થઈ ગયો હતો. રાત્રિના અંધકારમાં માર્ગ વચાળે દયનીય હાલતમાં મુકાયેલા યુવાને પોતાનુ ચાવી વગરનું બાઈક ખેંચીને લઈ જવાની નોબત આવી હતી. ભોગ બનનાર યુવાન ચિલોડાનો હોવાનુ ધ્યાને આવ્યું છે. જો કે બનાવ સંદર્ભે પોલીસ ફરિયાદ થઈ નથી.

## એલ.આઈ.સી. એમ્પ્લોઈઝ યુનિયનનો બેંકીંગ કર્મચારીઓને ટેકો

ગાંધીનગર ડિવીઝનના એલ.આઈ.સી. એમ્બ્લોઈઝ યુનિયન દ્વારા તા. ૨૨ અને ૨૩ ઓગષ્ટ ૨૦૧૨ ની બેંક કર્મચારીઓની હડતાલને ટેકો જાહેર કરવામાં આવ્યો છે. વીમા કર્મચારીઓના સૌથી મોટા સંગઠન ઓલ ઈન્ડિયા ઈન્શ્યુરન્સ એમ્પ્લોઈઝ યુનિયને તા. ૨૨મી ઓગષ્ટના રોજ તમામ યુનિટને રિસેસ દરમિયાન સૂત્રોચાર કરવાનું આહવાન આપ્યું હતું. ગાંધીનગરની વિભાગીય કચેરી સમક્ષ રિસેસ દરમિયાન સરકારની નીતિના વિરોધમાં અને બેંકીંગ કર્મચારીઓના ટેકામાં ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.

# ખોરજ બ્રિજ પર છોટા હાથી ટેમ્પો પલટી ખાતાં છને ઈજા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ખોરજ બ્રિજ પર આજે એક છોટા હાથી ટેમ્પોએ અચાનક પલટી ખાતા તેમાં સવાર છ જણા ઘાયલ થયા હતા. તમામ ઘાયલોને ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માહિતી મુજબ ગાંધીનગરના ખોરજ ગામ પાસે આવેલ ખોરજ બ્રિજ પરથી પસાર થઈ રહેલ છોટા હાથી ટેમ્પો અચાનક જ માર્ગમાં પલટી ખાઈ ગઈ હતી. જેમાં સવાર લોકોએ ભારે બુમાબુમ કરી કાગારોળ મચાવી મુકી હતી. જેમાં રંગીબેન ગણાવા, સુનિલ ગણાવા, લલ્લુભાઈ સંગાડીયા, પરમીલા ડામોર, વિનાબેન ગણાવા, રાજુભાઈ કસાયા (તમામ રહે. દાહોદ)ને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ આદરી છે.

# હેલ્મેટ-સીટબેલ્ટ વગરના વાહનચાલકોને દંડ કરાશે

## જિલ્લા ટ્રાફીક પોલીસ હવે ઝૂંબેશ હાથ ધરશે

ગાંધીનગર, તા. ૨૨

હેલ્મેટ અને સીટબેલ્ટ વગરના વાહનચાલકો પાસેથી દંડ વસૂલવા ટ્રાફિક પોલીસ દ્વારા ઝુંબેશ હાથ ધરાશે. ચાલુ મહીના દરમિયાન પણ હેલ્મેટ વગરના ૫૫૦ વાહનચાલકો પાસેથી પોલીસે દંડ વસૂલ્યો છે.

શહેરમાં ટ્રાફીક નિયમનને અસરકારક બનાવવા જિલ્લા ટ્રાફિક પોલીસ જાગ્રત બની છે. માર્ગ સલામતીને જોખમમાં મૂકતા પરિબળોને ડામવા પોલીસ તંત્ર દ્વારા દંડ વસૂલીની ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. જેના પગલે ડાર્ક ફિલ્મ ધરાવતી કારના ચાલકો પાસેથી પોલીસે રૂ. ૧૦ હજારનો દંડ વસૂલ્યો હતો. જયારે જિલ્લાના માર્ગ પર વાહનચાલકો માટે જોખમી બનેલી બેફામ દોડતી રેતીની ટ્રકો ડિટેઈન કરવા પણ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રાફિક પોલિસ દ્વારા હવે હેલ્મેટ ન પહેરનારા બાઈક ચાલકો તેમજ સીટબેલ્ટ ન બાંધનારા કારચાલકો પાસેથી દંડ વસૂલવા ઝૂંબેશ હાથ ધરાશે. ચાલુ મહિના દરમિયાન અત્યાર સુધીમાં ટ્રાફિક તંત્રએ હેલ્મેટના ૫૫૦ કિસ્સામાં દંડ વસૂલી કરી છે. શહેરમાં માર્ગ સલામતીના મામલે કોઈ અસરકારક પગલા ન લેવાતા અત્યાર સુધી ટ્રાફિક નિયમનના નામે મીંડુ ચિતરાયું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું. એકબાજુ બેફામ જતા વાહનચાલકોના લીધે ગતિ નિયંત્રણની વાત વિસરાઈ છે ત્યારે પૈડાં પરની જિંદગી વધુ જોખમી બની છે.

આવા સંજોગોમાં રોજબરોજ માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધતા ટ્રાફિક નિયમન વધુ અસરકારક બને તેવો સૂર ઉઠવા પામ્યો છે.

## આજે વૈજનાથ મહાદેવમાં લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

રૂદ્રાભિષેક મંડળના સભ્ય તરફથી તા. ૨૩મી ઓગસ્ટે સવારે સેકટર-૨૧, વૈજનાથ મહાદેવ મંદિર ખાતે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ છે. રૂદ્રાભિષેક મંડળના સહમંત્રી નરેન્દ્રભાઈ જાનીએ જણાવેલ છે.

## ધોળાકૂવા ગામની મહિલાને ઘર આંગણેથી સાપ કરડ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક ધોળાકૂવા ગામે આજે સવારે ૩૫ વર્ષીય એક મહિલાને ઘરઆંગણે પડેલા લાકડામાંથી અચાનક જ સાપ કરડતા મહિલા બેભાન થઈ ગઈ હતી જેથી તેને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

માહિતી મુજબ ગાંધીનગર નજીક ધોળાકૂવા ગામે આજે સવારે ૩૫ વર્ષીય મહિલા ઉર્મિલાબેન ઊર્ફે નંદુબેન મંગળભાઈ ડામોર આજે સવારે પોતાના ઘર આંગણે કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ પાસે પડેલા લાકડાના ઢગલામાંથી સાપ કરડી ગયો હતો. જેથી તેઓ બેભાન થઈ ગયા હતા અને તેઓને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તબીબો તેમને સારવાર આપી રહ્યા છે.

# શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૨

શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળનું દ્વિતીય વાર્ષિક અધિવેશન તાજેતરમાં ગોઝારિયા મુકામે યોજાયું હતું. આ પ્રસંગે પરંપરાગત કાર્યક્રમ સાથે-સાથે ૮૦ વર્ષથી ઉપરના વડીલોનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. અને મંડળના બે વર્ષના ગાળામાં થયેલા આવક-જાવકના હિસાબો મંજુર કરી નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

મંડળના પ્રમુખ તરીકે દશરથભાઈ દરજી, ઉપપ્રમુખ તરીકે જશુભાઈ દરજી, મંત્રી તરીકે ગોવિંદલાલ દરજી, સહમંત્રી તરીકે રાજુભાઈ દરજી, ખજાનચી તરીકે ગોવિંદલાલ કચરાદાસ દરજી, ઓડિટર તરીકે અનિલભાઈ દરજીની વરણી કરવામાં આવી હતી. કારોબારી સભ્ય તરીકે ગાંધીનગરમાં મનહરભાઈ દરજી, પેથાપુર ગ્રામ્ય વિસ્તારમાં નટુભાઈ દરજી, વિજાપુર ઝોનમાં ઊર્મિલકુમાર દરજી, માણસા ઝોનમાં દશરથભાઈ દરબાર, કલોલ ઝોનમાં દીપકકુમાર વેડાવાળા, અમદાવાદ ઝોનમાં જગદીશભાઈ નારણદાસની વરણી કરવામાં આવી હતી.

# અમીયાપુર નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાની અમીયાપુર ગામે આવેલી નર્મદા કેનાલમાં ગામના એક શખ્સને કેનાલમાં તરતો મૃતદેહ નજરે પડ્યો હતો. આ બનાવ અંગે અડાલજ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

અમીયાપુર ગામના માણેકજી ખોડાજી ઠાકોરે નર્મદા કેનાલમાં આજે સવારે એક મૃતદેહ નજરે પડતા અડાલજ પોલીસને જાણ કરી હતી. અડાલજ પોલીસ ઘટનાસ્થળે આવી મૃતદેહને બહાર લાવી તપાસ કરતા આ મૃતદેહ અમીયાપુર ગામના યુવાન રાજન બાબુભાઈ દંતાણી (ઉં.વ. ૨૨) હોવાનું માલુમ પડ્યું હતું.

બનાવ અંગે અડાલજ પોલીસના જમાદાર ભીખાભાઈ સરતાનભાઈ દેસાઈ વધુ તપાસ હાથ ધરતા યુવાન ધુની મગજનો હોવાનું ઘરવાળાઓએ જણાવ્યું હતું. અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# સેક્ટર-૨૬ જી.આઈ.ડી.સી.માં એક યુવાનનું મોત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેકટર-૨૬માં આવેલી જી.આઈ.ડી.સી.માં સ્થિત એપેક્ષ મેકટોનીક ઈન્ડીયા પ્રા.લી.માં નોકરી કરતા એક ૨૩ વર્ષીય યુવાનનું બિમારીના કારણે મૃત્યુ થવા પામ્યુ હતુ. જે અંગે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આજે સવારે સેક્ટર-૨૬ જી. આઈ. ડી.સી.માં આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરતો ૨૩ વર્ષીય શંકરજી ભવાનજી ભાટીનુ અચાનક જ અગમ્ય કારણોસર તેનું મૃત્યુ થવા પામ્યું હતું. જે અંગે તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરાયો હતો. આ અંગે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૦
સૂર્યાસ્ત : ૭.૦૫

## તાપમાન

મહત્તમ : ૨૯.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૭૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક થા ટાઈગર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
એક થા ટાઈગર : ૧૧.૦૦, ૨.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦
: સ્ક્રીન-૩ :
એક થા ટાઈગર : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦
: સ્ક્રીન-૪ :
એક થા ટાઈગર : ૮.૦૦, ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

એક થા ટાઈગર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ચુંદડીને સથવારે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- રૂદ્રાભિષેક મંડળના સભ્યો તરફથી વૈજનાથ મહાદેવ મંદિર, સેકટર-૨૧ ખાતે લઘુરૂદ્ર.
- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧, ખાતે હિંડોળામાં કસુંબી ઘટાના હિંડોળા અને શૃંગારમાં ચાંદીના પલના.
- શ્રી રામજી મંદિર વાવોલ દ્વારા અધિક પુરૂષોતમ માસ નિમિતે પ.પૂ. મહંત મધુસુદન બાપુના વ્યાસપીઠેથી અધિક પુરૂષોતમ માસની કથા તથા શ્રી કૃષ્ણ કથા બપોરે ૩.૩૦ કલાકે.
- શ્રી શિવશક્તિ મંદિર, સેકટર-૨૩ ખાતે પ્રજ્ઞા પુત્રી પ્રફુલ્લાબેન ઠક્કર દ્વારા પ્રજ્ઞા પુરાણ કથા બપોરે ૨.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. યાત્રા પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે. પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનું સાહસ ન કરવું.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

## ચિરવિદાય

- સ્વ. પૂનમબેન ભરતભાઈ તહેવાર(ઉ.વ. ૨૬) ૩-સી/૧, બાલાજી અગોરા રેસીડેન્સી, મુ.પો. સુઘડ ગામ, તા., જિ. ગાંધીનગર.